વારંવાર પ્રયત્ન તથા પરિશ્રમ કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે, શત્રુ મિત્ર બની જાય છે. ક્યારેક ઝેર પણ અમૃત બની જાય છે
- વાલ્મિકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૮ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪, શુક્રવાર; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરના પરિવારને લીંબડી પાસે અકસ્માત

## બાપ-દિકરા અને બનેવીના ઘટના સ્થળે કરૂણ મૃત્યુ થતાં સમગ્ર શહેર હિબકે ચડ્યું : સાજન ડાયનીંગ હોલના માલીક દાસભાઈ તેમના પરિવારજનો સાથે સોમનાથ દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે લીંબડી હાઈવે પર ઈનોવાએ પલ્ટી ખાધી : અમેરીકાથી આવેલા પુત્ર સહિત ત્રણ સભ્યોના મૃત્યુ : ચારને ઈજા

ગાંધીનગર, તા. ૧૮

હોટલ વ્યવસાયમાં આગવુ નામ ધરાવતા ગાંધીનગરના પ્રતિષ્ઠિત નાગરીક દાસભાઈ તેમના પરિવારને લઈને ઈનોવા ગાડીમાં સોમનાથ દર્શન કરવા નીકળ્યા હતા ત્યારે આજે સવારે લીંબડી હાઈવે પર ઈનોવા પલ્ટી ખાઈ જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત દુર્ઘટનામાં દાસભાઈ સહિત તેમનો જુવાનજોધ દિકરો અને બનેવી બબાભાઈ મળીને ત્રણના કમકમાટીભર્યા મૃત્યુ નિપજતા ગાંધીનગર શોકમગ્ન બન્યું છે. તો બીજી તરફ ઘાયલ થયેલા પરિવારના અન્ય ચાર સભ્યોને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગાંધીનગરના ત્રણ વ્યક્તિઓને કાળ ભરખી જતાં શહેર હિબકે ચઢ્યુ છે.

મળતી માહિતી મુજબ મુળ સાબરકાંઠાના ગવાડા વિસ્તારના વતની અને વર્ષોથી ગાંધીનગર સેક્ટર-૨૩ પ્લોટ નં. ૪૮૯/૪, અભિષેક એપાર્ટમેન્ટમાં રહેતા અને હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા પ્રતિષ્ઠીત નાગરીક હસમુખભાઈ (દાસભાઈ) વિરચંદદાસ પટેલ શહેરના સે. ૧૬માં સાજન ડાઈનીંગ હોલ, આવકાર રેસ્ટોરન્ટ, હોટલ યાત્રી અને હોટલ સ્ટે ઈનની માલીકી ધરાવતા હતા. તેમનો દિકરો ભાવેશ અમેરીકા અભ્યાસ અર્થે ગયો હતો. ભાવેશને તાજેતરમાં અમેરીકાના પી.આર. મળી જતા એક મહિના પહેલા જ પરિવાર સાથે સમય વિતાવવા બે મહિના માટે ગાંધીનગર આવ્યો હતો. નવરાત્રીમાં ભાવેશ પરત અમેરીકા જવાનો હતો. દરમ્યાન આજે ગુરૂવારે સવારે સાડા પાંચ વાગે દાસભાઈ, તેમનો ૨૩ વર્ષનો દિકરો ભાવેશ, દિકરી એકતા, પત્નિ ઈલાબેન, સાળાનો દિકરો સાગર, બનેવી બબાભાઈ અને મિત્ર નરેશભાઈ મળીને સાત જણા ઈનોવા ગાડી નં. જીજે-૧૫-સીડી-૯૯૩૩ લઈને સોમનાથ દર્શન કરવા નીકળ્યા હતા. આખુ પરિવાર દર્શન કરવા જઈ રહ્યુ હતુ ત્યારે લીંબડી હાઈવે પર સાડા સાત વાગ્યાના અરસામાં તેમની ગાડીને જબરદસ્ત અકસ્માત નડ્યો હતો. લીંબડી હાઈવે પર મોરવાડ ચોકડી પહેલા ખાબડખુબડ રસ્તાને પગલે ઈનોવા કાર ચલાવી રહેલા બબાભાઈ શંભુભાઈ પટેલે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ગાડી એંગલ સાથે ટકરાઈને રસ્તાની બાજુના ૨૦ ફૂટ ઊંડા ખાડામાં પલ્ટી મારી ગઈ હતી. ઈનોવા ગાડી ઊંધા માથે થઈ ગઈ હતી. આ ઘટનામાં દાસભાઈ, તેમનો દિકરો ભાવેશ અને સે. ૨૭, સોમેશ્વર સોસાયટી મકાન નં. ૮૦૯ માં રહેતા ૬૪ વર્ષીય બબાભાઈ શંભુભાઈ પટેલને ગંભીર ઈજાઓ થતા બનાવ સ્થળ પર જ કરૂણ મૃત્યુ

● અનુસંધાન પાન-૭ પર

### પિતા-પુત્રની અંતિમવિધિ શુક્રવારે સવારે થશે

દાસભાઈના પત્નિ ઈલાબેનને પેટના ભાગે ઈજાઓ થઈ હોવાથી એપોલોમાં દાખલ છે. તેમની ચાલી રહેલી સારવારને લઈ દાસભાઈ અને પુત્ર ભાવેશના મૃતદેહને કોલ્ડરૂમમાં રાખવાનો પરિવારજનોએ નિર્ણય લઈ શુક્રવારે સવારે અંતિમવિધિ કરવાનું નક્કી કર્યુ છે. જ્યારે બબાભાઈની અંતિમવિધિ સાંજે કરવામાં આવી હતી.











### દિકરો ભાવેશ અમેરીકાથી મહિના પહેલા જ આવ્યો હતો

**બે મહિના પરિવાર સાથે સમય વિતાવી નવરાત્રીમાં પરત અમેરીકા જતો રહેવાનો હતો**

દાસભાઈનો દિકરો ભાવેશ અમેરીકા અભ્યાસ કરવા ગયો હતો. તેના પી.આર. વિઝા થઈ જતાં તે એક મહિના પહેલા જ ગાંધીનગર નિવાસસ્થાને બે મહિના માટે પરિવાર સાથે સમય વિતાવવા આવ્યો હતો. નવરાત્રીમાં તેની અમેરીકાની રીટર્ન ફ્લાઈટ હતી. જેને લઈ પરીવાર સાથે સોમનાથ દર્શનનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો અને અકસ્માત સર્જાતા પરિવાર પર દુખનો પહાડ તુટી પડ્યો છે.

# આજે દહેગામમાં ગરીબ કલ્યાણ મેળો

## ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને ૬ કરોડની સાધન સહાય સહિતના લાભોનું પ્રભારી મંત્રીશ્રીના હસ્તે વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાનો ગાંધીનગર પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો આજે દહેગામ ખાતે યોજાશે સાતમા તબક્કાના આ ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને રૂ. ૬ કરોડની સહાયના લાભો આપવામાં આવશે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલના અધ્યક્ષસ્થાને આજે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, શ્રી પૂંજાજી ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લાના સાતમા તબક્કાના આ ગરીબ કલયાણ મેળાની તૈયારીને આજે આખરી ઓપ અપાઈ ચુકયો છે. ૨૦થી પણ વધુ યોજનાના લાભાર્થીઓને મળવા પાત્ર સહાય ચુકવવામાં આવનાર છે.

આ મેળામાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ વિતરણ, સ્વરોજગારની યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય તેમજ મા અમૃતમ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત કિસાન ક્રેડીટ કાર્ડના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ કોલ્ડ સ્ટોરેજ ખાતે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં પ્રભારી મંત્રીશ્રી ઉપરાંત અન્ય મહાનુભાવોની હાજરીમાં બે અલગ અલગ સ્ટેજ પરથી સહાયના લાભોનું વિતરણ કરવામાં આવનાર છે.

તંત્રના અધિકારીઓ દ્વારા આ અંગેની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ગરીબ કલ્યાણ મેળા બાદ ૨૦મીએ કલોલ પ્રાંતનો ગરીબ કલ્યાણ મેળો માણસા ખાતે યોજાવાનો છે. બે દિવસમાં જ બે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

છેલ્લા એક સપ્તાહથી પ્રધાનમંત્રીની મુલાકાત તેમજ ચીનના રાષ્ટ્રપતિની મુલાકાતમાં તંત્ર વ્યસ્ત હતું હવે ગરીબ કલ્યાણ મેળામાં તંત્ર વ્યસ્ત બનતાં છેલ્લા પંદર દિવસથી જિલ્લાની કચેરીઓમાં લોકોના કામોનો પણ ભારે ભરાવો થઈ જવા પામ્યો છે.

# સેક્ટર-૧૬ના વેપારીઓએ દુકાનો બંધ રાખી શોક પાળ્યો





(તસવીર : દિપક જાની)

હોટલ ઉદ્યોગમાં આગવુ નામ ધરાવતા દાસભાઈ તથા પરિવારના બે સભ્યો મળીને ત્રણના મૃત્યુના સમાચારને પગલે વેપારી આલમમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. જેને લઈ સે. ૧૬ના વેપારીઓએ આજે દુકાનો બંધ રાખીને શોક પાળ્યો હતો.

# પાંચ હજારથી વધુ વસ્તીવાળા ગામોમાં લીકવીડ કલોરીનેશન પ્રોજેકટ માટે ખાસ ભલામણ

## ગાંધીનગર તાલુકા રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં ચર્ચા

ગાંધીનગર, તા.૧૮

સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામના સરકારના સ્વપ્નને સાકાર કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં પણ લીકવીડ કલોરિનેશન પધ્ધતિ પેયજળ માટે લાગુ કરવામાં આવે તે માટે તાજેતરમાં ગાંધીનગર તાલુકા રોગી કલ્યાણ સમિતિએ ભલામણ કરી છે.

પ્રાંત અધિકારીશ્રી સુધીર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોની પેયજળની માંગને ધ્યાને રાખી આ દિશામાં કાર્યવાહી કરવા તંત્રને સૂચન કરવામાં આવ્યું હતું.

સિમીત નાણાંકીય જોગાઈઓને ધ્યાને રાખી પંચાયતના સ્વભંડોળમાંથી આવી મદદદ મળી શકે કે કેમ તે શકયતાઓ ચકાસવા અને તે ઉપરાંત સરકારના અન્ય કોઈ સ્રોતમાંથી નાણાં ઉપલબ્ધ થઈ શકે તેમ હોયતો તેની વિગતો સાથેનો એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા પણ પ્રાંત અધિકારી શ્રી સુધીર પટેલે તંત્રને જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ટાંકીઓની આયુ અને તેની સ્થિતિ વિશે તેમજ બોર ઓપરેટરોના નજીવા પગાર સહિતની બાબતોને લઈ આ બેઠકમાં ચર્ચા થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર


Exclusive
Navratri Collections
Chaniya Choli
Dupattas
Mix & Match
Shilpa Thread Studio by Shilpa Patel
Date : 20-09-2014, Timing : 10 am to 8 pm at
Near Suman Tower, Beside Domino's Pizza, Sector-11, Gandhinagar

રૂ. 500 થી રૂ. 800 કિંમતમાં વેચાતી સાડીઓ અને લેડીઝ બ્રાન્ડેડ કુર્તી
હવે ફકત રૂ.100/-માં કોઈપણ
અમે આટલું જબરજસ્ત ડિસ્કાઉન્ટ આપીએ છીએ કારણ કે
ભારતમાં મુશળધાર વરસાદ પડવાને કારણ, ઈન્ડિયા સિલ્ક હાઉસ બોમ્બે,સુરત ના ગોડાઉન અને શો રૂમ માં પાણી ભરાઈ જવાને કારણે લાખો રૂપિયાનું નુકશાન થયેલ છે.જેને કારણે કંપની સંચાલકોએ નિર્ણય કર્યો કે બધોજ સ્ટોક 10.000 થી વધારે સાડીઓ અને ડીઝાનર કુર્તીઓ
આ સેલ ગાંધીનગર શહેરમાં (શુક્ર-શનિ-રવિ) વિશ્વકર્મા મંદિર હોલમાં

• પ્રિન્ટેડ પ્યોર સિફોન સાડી
• સન્ડે મન્ડે જર્યોજટ સાડી
• પ્રિન્ટેડ દાણી સિફોન સાડી
• પ્યોર પ્રિન્ટેડ બાંધણી સાડી
• ટીશ્યુ સિલ્ક સાડી
• ઇટાલીયન ક્રેપ સાડી
• પ્રિન્ટેડ સેટીન સિલ્ક સાડી

• સાઉથ કોટન પ્રિન્ટેડ કુર્તી
• અમદાવાદ કોટન કુર્તી
• જોર્જટ પ્રિન્ટેડ કુર્તી
• લેડીઝ ડિઝાઈનર કુર્તી
• લોંગ બાટીક પ્રિન્ટ કુર્તી
• ગોલ્ડ જરીબોર્ડર કુર્તી
• જયપુરી પ્રિન્ટેડ કુર્તી
હવે ફકત રૂ. 100 માં કોઈપણ
આ ઓફર છેલ્લા 3 દિવસ માટે
શુક્રવાર, શનિવાર, રવિવાર - 19,20,21 સપ્ટેમ્બર - 2014
સ્થળ:
વિશ્વકર્મા મંદિર હોલ
ઉમીયા માતાજીના મંદિર પાછળ, ઘ-૪ સર્કલ પાસે, સેકટર નં.૧૨, ગાંધીનગર
આ સેલ કોઈપણ સંજોગેમાં આગળ વધારવામાં આવશે નહી.
Charu Pub.

UNDER CONSTRUCTION! Shubh Aarambh — New beginning of life... 1 & 2 BHK Apart., Penthouse & Shops — Randesan, Gandhinagar
UNDER CONSTRUCTION! Shubh BUSINESS park — A commercial complex — Shops, Offices, Restaurants - Hospitals — Pethapur, Gandhinagar
POSSESSION SHORTLY SHUBH pioneer — 2 & 3 BHK Apart. & Penthouse — Koba, Gandhinagar
READY POSSESSION SHUBH 36 — A dream apartments of 2, 2.5 & 3 BHK — Raysan, Gandhinagar
UPCOMING PROJECT Shubh ashish — Re Development Project — 3 BHK Ultra Luxurious Apartments — Paldi, Ahmedabad
UPCOMING PROJECT Shubh Ratna — 2 & 3 BHK Luxurious Apartments & Shops — Kudasan, Gandhinagar
Come... Visit our Stall at GIHED & win lucky draw and also avail SPECIAL DISCOUNT on booking
Shubh Group
Constructions with Soul...
S/7, Apana Bazar, Sector-6/A, Gandhinagar-382006
Ph. : 23241121, 74055 01199
e-mail : info.shubh7@gmail.com
GIHED PROPERTY FESTIVAL
INITIATIVE BY GIHED
19 20 21 SEPT. 2014
UNI. CONVENTION CENTER NR. HELMET CIRCLE, AHMEDABAD
STALL NO B-8
PARAM